# વી. એન્ડ સી. પટેલ ઇંગ્લીશ સ્કુલ

**વાર્ષિક પરીક્ષા – ૨૦૧૮**

વિષય : ગુજરાતી | તા. : ૮-૩-૨૦૧૮
શ્રેણી : ૬ | સમય : ૩ કલાક
કુલ ગુણ : ૮૦

સૂચના :
– જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે. – બધા જ પ્રશ્નોના ઉત્તર ફરજીયાત છે. – જવાબ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખો.

**પ્ર-૧ નીચે આપેલ ગદ્યખંડને આધારે પ્રશ્નોના ઉત્તરો લખો.** ૫

એક વખત રાજા સિદ્ધરાજે પંડિતોને પુછ્યું કે કયો ધર્મ સૌથી સારો ? ત્યારે સૌ પંડિતો પોતપોતાનો ધર્મ સારો એમ કહેવા લાગ્યા. પણ એમાંથી સૌથી વિવેકી અને વિદ્વાન આચાર્ય હેમચન્દ્ર હતા. એમણે કહ્યું. "મહારાજ જેને પાળવછા છે, તેને માટે બધા જ ધર્મ સારા છે ને જેને ઢોંગ કરવો છે એને તો કોઈ જ ધર્મ સારો નથી". ત્યારે ધર્મ એ પાળવાની વસ્તુ છે.

પ્રશ્નો :

૧. રાજા સિદ્ધરાજે પંડિતોને શું પુછ્યું ?
૨. ધર્મ વિશે પંડિતોએ શું કહ્યું ?
૩. આચાર્ય હેમચન્દ્ર કોણ હતા ?
૪. આચાર્યે હેમચન્દ્ર ધર્મ વિશે શું માને છે ?
૫. વિરોધી શબ્દ આપો : (૧) ધર્મ (૨) સારું

**પ્ર-૨ નીચે આપેલ વિષયમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૭

૧. હોળી ૨. માતૃપ્રેમ

**પ્ર-૩ અ. નીચે આપેલ મુદ્દાને આધારે વાર્તા લખો.** ૬

એક નદી – નદી ઉપર સાંકડો પુલ – બે બકરીઓનું સામ સામું આવવું – બંને સમજદાર – એક બકરીનું બેસવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થઇ જવું – એજ પુલ પરથી બે કૂતરાઓનું સામસામું આવું – બંને ઝઘડાળું – નદીમાં પડવું – બોધ.

બ. તમારી શાળામાં ઉજવાયેલ રમતોત્સવનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. ૫

**પ્ર-૪ અ. નીચે આપેલ પદ્યખંડને વાંચી નીચે આપેલ પ્રશ્નો વિકલ્પમાંથી શોધીને લખો.** ૪

મને એ સમજાતું નથી કે આવું શાને થાય છે :
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
ટળવળે તરસ્યાં તારાને વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મુશળધાર વરસી જાય છે !
ઘરહીણાં ઘૂમે હજારો ઠોકરાતાં ઠેર ઠેર,
ન ગગનચૂંબી મહેલો જનસૂના રહી જાય છે !
દેવડીએ ખંડ પામે ચોર મૂઠી જારના,
ને લાખ ખાંડી લૂંટનારા મહેફિલ મંડાય છે. !
કામધેનુને જડે ના એક સૂકું તણખલું
છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહલું:
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે ! — **કરસનદાસ માણેક**

પ્રશ્નો :

૧. પથ્થરો તરી જાય છે ત્યારે કોણ ડૂબી જાય છે ?

(અ) વૃક્ષો (બ) જંગલો (ક) ડાળીઓ (ડ) ફૂલો

૨. તરસ્યાં ટળવળે ત્યારે કોણ વેરણ બને છે ?

(અ) આભ (બ) વાદળી (ક) વિજળી (ડ) વરસાદ

૩. લીલાંછમ ખેતરો કોણ ચરી જાય છે ?

(અ) ગાય (બ) ઘોડા (ક) આખલા (ડ) નીલગાય

૪. શ્રીમંતોની કબરો પર શેના દીવા થાય છે ?

(અ) ઘીના (બ) કપૂરના (ક) તેલના (ડ) દિવેલના

**પ્ર-૫ અ. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઇ પણ છ)** ૬

૧. ફિલ્મ જોવા માટે મેનેજરે શી વ્યવસ્થા કરી ?
૨. નિરંજન અને તેના મિત્રને શેનો અફસોસ હતો ?
૩. શિક્ષક સોમનાથ વિદ્યાર્થીઓને એના જન્મદિને શું આપતા ?
૪. ઝવેરચંદ મેઘાણીએ બાપુ માટે કયું ગીત ગાયેલું છે ?
૫. હાર્દિકના મતે સાહેબ બધાંને મેહૂલની નોટ શા માટે બતાવે છે ?
૬. ગિરનાર કોની જેમ બેઠો છે ?
૭. સિંહણ બાળકથી કેટલી દૂર હતી ?

**બ. નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (કોઇ પણ પાંચ)** ૧૦

૧. વેદ સાહેબ વિશે પાંચ વાક્યો લખો.
૨. ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે ?
૩. દાંડી શા માટે પ્રખ્યાત હતી ?
૪. માલધારી સ્ત્રીઓ શું કામ કરતી હતી ?
૫. ધવલે કલમને બદલે બોલપેનથી લખવાના કયા ફાયદા બતાવ્યા ?
૬. શિકાર કરવા માટે ગયેલી સિંહણ શિકાર કર્યા વગર શા માટે પાછી ફરી ?

**પ્ર-૬ અ. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઇ પણ પાંચ)** ૫

૧. ખેતરમાં શું ઝૂલી રહ્યું છે.
૨. સીતા સ્વયંવરમાં મુકેલ ધનુષ્ય કોનું હતું ?
૩. નર્મદા નદીનું બીજુ નામ શું છે ?
૪. સારસની જોડી ક્યાં સહેલ કરે છે. ?
૫. મિત્ર કેવો હોવો જોઇએ ?
૬. આપણે બીજા સાથે કેવી રીતે વર્તવું જોઇએ ?

**બ. નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (કોઇ પણ ત્રણ)** ૬

૧. 'આલા લીલા વાંસળિયા' કાવ્યને આધારે વાંસળીનું વર્ણન કરો.
૨. રાવણનુે પોતાનાં કયાં કયાં પરાક્રમોનું અભિમાન હતું ?
૩. જીવનમાં મૈત્રીભાવનું શું મહત્વ છે ?
૪. "ગુજરાત મોરી મોરી રે' કાવ્યમાં કઇ કઇ નદીઓ અને પર્વતોનો ઉલ્લેખ થયો છે ?

**પ્ર-૭ અ. નીચે આપેલ પંક્તિનો ભાવાર્થ સમજાવો.** ૨

પોપટ કોયલ બોલે થોડું પણ લાગે ભલું;
વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં"

**બ. નીચે આપેલ કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.** ૩

સાબરના મર્દાની ............. ભરદેતી હૈયા. ગુજરાત.....

**પ્ર-૮ અ. યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.** ૩

૧. આંખની અમીમીટ ઊમટે ............., ચોરવાડ વાડીએ છાતી શી ઉભરે.
૨. ગીર પ્રદેશમાં માલધારી કોમના ............. જેટલા નેસડા આવેલા છે.
૩. સોમનાથનું ............. મનુષ્યના પુરાતન નિવાસનું કેન્દ્ર છે.

**બ. યોગ્ય જોડકા જોડો.** ૩

| અ | બ |
|---|---|
| ૧. માતૃહૃદય | – ઉમાશંકર જોશી |
| ૨. સારા અક્ષર | – કનૈયાલાલ રામાનુજ |
| ૩. ગુજરાત મોરી મોરી રે | – રઘુવીર ચૌધરી |
| | – પિંકીબહેન પંડ્યા |

**ક. નીચે આપેલ શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.** ૨

૧. પ્રાચીનકાળથી ચાલ્યું આવતું.
૨. બોલપેનમાં મૂકવાની શાહીવાળી પાતળી નળી.

**ડ. નીચે આપેલ વાકયો કોણ બોલે છે તે લખો.** ૨

૧. "આ કલમ વળી શું છે ?"
૨. છોડી દે... છોડી દે... બેટા... છોડી દે..."

**પ્ર-૯ અ. નીચે આપેલ શબ્દોના અર્થ આપો.** ૨

લેસન, કણક, આભ, કપરી

**બ. નીચે આપેલ શબ્દોના વિરોધી અર્થ લખો.** ૨

મોઘું, સુખ, પ્રેમ, પાપ

**ક. નીચે આપેલ રૂઢિપ્રયોગોના અર્થ આપો.** ૩

૧. ઓડનું ચોડ થવું.
૨. દિલનો ટુકડો હોવું.
૩. જાત ઘસવી.

**પ્ર-૧૦ અ. નીચે આપેલ વાક્યોમાંથી નામપદ અને ક્રિયાપદ શોવો.** ૨

૧. મયૂર પેન્સિલથી લખે છે.
૨. ઢોર ને બરાબર ચારજો.

**બ. નીચે આપેલ વાકયોમાંથી ક્રિયાવિશેષણ શોધો.** ૨

૧. બાળક ધીમું ધીમું ચાલતું હતું.
૨. બાળક તેને વહાલપૂર્વક ગોદમાં તેડી લીધું.